Gujarati

બ્રેન્ટ એડલ્ટ એન્ડ કમ્યૂનિટિ એડયુકેશન સર્વિસીસની માહિતીપુસ્તિકા (બ્રોશર) અને 2007/08 માટેના અભ્યાસક્રમનું સૂચિકરણ (કોર્સ લિસ્ટીંગ્સ) તમને આવકારે છે.

BACES માં અભ્યાસ કરવા શા માટે લોકો પસંદ કરે છે તે માટે ઘણા બધા કારણો હોય છે. ઘણા બધા લોકો કેવળ એ માટે આવતા હોય છે કારણકે તેઓને નવી કુશળતાઓ (સ્કિલ્સ) સંપાદન કરી, તેઓની સમજ વિસ્તૃત કરી અને જુદા જુદા લોકોને મળવાનુ ગમતુ હોય છે, ત્યારે બીજાઓ નોકરી- રોજગાર મેળવવાની તપાસ કરી, તેઓના બાળકના શિક્ષણમાં મદદરૂપ બની, તેઓની કારકિર્દીઓ માટેની અપેક્ષાઓમાં સુધારો કરતા હોય છે અથવા ઊંચા ધોરણની લાયકાતોમાં (કવોલિફિકેશન્સ) આગળ વધતા હોય છે.

શિક્ષણ મેળવવા માટેના તમારા કોઇ પણ લક્ષ્યો હોઇ શકે, પણ તમે આવી અને નામ નોંધાવો છો તેના પ્રોત્સાહનમાં કંઇક હોય છે.

માહિતીપુસ્તિકાનુ સંપૂર્ણપણે અવલોકન કરી વિશાળ હારમાળાના વ્યાવસાયિક (વકેશનલ) અભ્યાસક્રમો અને વ્યકિતગત અને કમ્યૂનિટિ વિકાસ માટેના અભ્યાસક્રમોમાં નીચે જણાવેલ વિષયોમાં શું ઓફર કરવામાં આવેલ છે તેની તપાસ કરશોઃ

- આર્ટસ, ક્રાફટસ, મીડિઆ અને કમ્યૂનિકેશન
- બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (વેપાર- ધંધાનો વહીવટ) અને મેનેજમેન્ટ (સંચાલન)
- કમ્પ્યૂટીંગ
- ફેમિલિ લર્નીંગ (કૌટુંબિક શિક્ષણ)
- ફિટનેસ અને સ્પોર્ટસ
- હેલ્થ, સોશ્યલ કેઅર અને વર્કીંગ વિથ ચિલ્ડ્રન
- હોસ્પિટાલિટિ (આતિથ્ય- સત્કાર) અને ટ્રેવલ (પર્યટન)
- ગણિતશાસ્ત્ર (મેથ્સ), ઈંગ્લિશ અને અંગ્રેજી ભાષા

જો તમને તમારા વિદ્યાભ્યાસમાં મદદરૂપ બનવા વધારાના ટેકા - આધારની (સપોર્ટ) જરૂર જણાય તો, તમે અમારી સપોર્ટ સર્વિસીસનો લાભ લઇ શકશો જેવીકેઃ

- અમારા થોડાક સેન્ટરોમાં દિવસ સમય દરમિયાન ઘોડિયાઘરની (ક્રેશ) સગવડતાઓ,
- ઓછી કિંમતના અને રાહત કે માફી આપનારા અભ્યાસક્રમ અને એક્રેડિટેશન (અધિકૃતિ) ફીઝ,
- વિદ્યાભ્યાસ કરવા અને પરીક્ષાઓમાં પાસ કે ઉતીર્ણ થવાની કુશળતાઓ માટે મદદ,
- ભાષા, અક્ષરજ્ઞાન (લિટરસિ) અને આંકડાશાસ્ત્રમાં (ન્યૂમરસિ) વધારાની મદદ.

અમારા કોઇ પણ અભ્યાસક્રમો વિષે વધારે વિગતવાર માહિતી માટે, ફોન કરો અથવા અમારા કોઇ પણ મુખ્ય સેન્ટરોમાં આવો કે જે માહિતીપુસ્તિકાના પાછળના પાને બતાવવામાં આવેલ છે.

અમે તમને મળવાની અપેક્ષા રાખીએ છીએ અને તમે જે કોઇ શિક્ષણ પ્રાપ્ત કરવાનુ પસંદ કરો તેમાં તમને પૂરેપૂરી સફળતા બક્ષીએ છીએ.

સ્યૂ હેસ્ટિ (Sue Hasty)

હેડ ઓફ સર્વિસ (Head of Service)